# સુરતમહાનગરપાલિકા
## જાહેરનામું
***

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાને લેતા નોર્થઝોન(કતારગામ) ના કેટલાંક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19 નું સંક્રમણ ફેલાવવાની શક્યતાઓ રહેલી છે.

આથી હું, ડી.એમ.પટેલ, એડી. સીટી. ઈજનેર, સુરત મહાનગરપાલિકા, ગુજરાત રાજ્ય એપેડેમીકડીસીઝ એક્ટ–૧૮૯૭ ની કલમ–૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date.20/03/2020 ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ "નોર્થ ઝોન(કતારગામ)" ના નીચે જણાવેલ વિસ્તારને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમક્વોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરું છું.

| અ.નં. | **CLUSTER** હેઠળનો વિસ્તાર | અંદાજીત ઘરોની સંખ્યા | અંદાજીત વસ્તી |
|---|---|---|---|
| 1. | રજવાડી પાર્ટી પ્લોટ પાસે આવેલ શાંતિનગર સોસાયટી, ઘર નં.એ/૮૦ થી એ/૮૪ અને એ/૧૦૮ થી એ/૧૧૨. | 10 | 58 |
| | કુલ | 10 | 58 |

ઉપરોકત હુકમનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમ નો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા એપેડેમીકડીસીઝ એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પી.આર.ઓ.નં./૧૧૩૬/૨૦૨૧–૨૨
તા. ૭/૦૮/૨૦૨૧

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર
નોર્થઝોન(કતારગામ)